ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧-૨૬૩૦૦૩૪૨-૪૩
૨૬૩૦૦૧૨૬
ટેલિગ્રામ : યુનિગુજરાત

FAX : (079) 26302654
Telephone : 26301341-26300342-43, 26300126
Telegrams : UNIGUJARAT

# ગુ જ રા ત યુ નિ વ ર્સિ ટી
# GUJARAT UNIVERSITY

**(NAAC Accredited B++)**
**www.gujaratuniversity.org.in**

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બૉક્સ નં. ૪૦૧૦
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.

OFFICE OF THE GUJARAT UNIVERSITY,
POST BOX NO. 4010, NAVRANGPURA,
AHMEDABAD-380 009 (INDIA).

**નં. પરીક્ષા/૨-અ/BEd/૨૫૦૧૨/૨૦૧૪** **તા. ૦૨-૦૪-૨૦૧૪**

## ફકત બી.એડ સેમેસ્ટર-૧ ના રીપીટર વિદ્યાર્થી માટે

**પરિપત્ર નં. : ૭૫**

ગુજરાત યુનિવર્સિટી સાથે સંકળાયેલ તમામ બી.એડ્. કૉલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, આ યુનિવર્સિટીના બી.એડ્. સેમેસ્ટર-૧માં પ્રવેશ મેળવેલ હોય અને નાપાસ થયેલ હોય તેવા વિદ્યાર્થીઓના પરીક્ષાના આવેદનપત્રો ભરવાના થાય છે. આવેદનપત્રો www.gujaratuniversity.org.in પર Examinationsમાં Examination Formમાંથી પ્રીપ્રિન્ટેડ ફોર્મ તેમજ કૉલેજવાઈઝ યાદી ડાઉન લોડ કરવાની રહેશે. જે ફોર્મ ભરી ડાઉનલોડ કરેલ કૉલેજવાઈઝ યાદી ફી સાથે **આ કાર્યાલયને તા. ૧૦-૦૪-૨૦૧૪ સુધીમાં જમા કરાવવાનું જણાવવામાં આવે છે. ત્યારબાદ માન. કુલપતિશ્રીના આદેશ સિવાય કોઈ જ પરીક્ષા ફોર્મ સ્વીકારવામાં આવશે નહી.**

**પરીક્ષા ફોર્મ યુનિવર્સિટી કાર્યાલયમાં જમા કરાવવા માટે મોકલતા અગાઉ નીચેની સૂચનાઓનું ચુસ્તરીતે પાલન કરવા વિનંતી છે.**

(૧) પરીક્ષા ફી પેટે વિદ્યાર્થીદીઠ રૂ. ૨૨૫/- જમા કરાવવાના રહેશે. જેમાં રૂ. ૨૫/- પરીક્ષા ફોર્મની ફી, રૂ. ૨૦૦/- પરીક્ષા ફીનો સમાવેશ થાય છે.

(૨) પરીક્ષાની ફી ક્રોસ્ડ ડિમાન્ડ ડ્રાફ્ટ/પે-ઓર્ડર, (ડિમાન્ડ ડ્રાફટમાં CTS Code હોવો ફરજિયાત છે) **કુલસચિવશ્રી, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૩૮૦૦૦૯.** ના નામનો કઢાવીને મોકલી આપવાનો રહેશે. ડિમાન્ડ ડ્રાફ્ટ/પે-ઓર્ડર બેન્ક કમિશન બાદ કરીને કઢાવવાનો રહેશે. રોકડ રકમ સ્વીકારવામાં આવશે. **ચેક સ્વીકારવામાં આવશે નહીં.**

(૩) **રીપિટર વિદ્યાર્થીઓએ ફાઈનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ હજુ સુધી અત્રે જમા કરાવેલ ન હોય તેવા વિદ્યાર્થીને પરિપત્ર નં. ૧૮૧, ૨૩૧ અને ૩૦૮ મુજબ સેમેસ્ટર-૧ રીપિટરનું પરીક્ષા ફોર્મ ભરી શકશે નહિં. જેની કૉલેજના આચાર્યશ્રીઓએ ખાસ નોંધ લઈ તે ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.**

(૪) **પરીક્ષા ફોર્મમાં નીચેની વિગતો સ્પષ્ટરીતે ભરવી.**

(ક) વિદ્યાર્થીએ ભરેલ તમામ વિગતો તથા પ્રી-પ્રિન્ટેડ ફોર્મમાં છપાયેલ વિગતો કૉલેજે ચકાસ્યા બાદ જ વિદ્યાર્થીના ફોર્મ તથા કૉલેજવાઈઝ યાદી આચાર્યશ્રીના સહી-સિક્કા કરીને જમા કરાવવાના રહેશે.

(ખ) જે વિદ્યાર્થીનું પરીક્ષા ફોર્મ રદ કરવાનું હોય તે ફોર્મની પ્રિન્ટ કાઢીને લાલ બોલપેનથી રદ કરી યાદીમાં રદ લખી આચાર્યશ્રીના સહી-સિક્કા કરીને અલગ કરી જમા કરાવવાનું રહેશે.

(ગ) રીપિટર વિદ્યાર્થીઓના તમામ પ્રયત્નોની માર્કશીટની ઝેરોક્ષ નકલ ફરજિયાત જમા કરાવવાની રહેશે.

આભાર સહ.

Sd/-
કા. પરીક્ષા નિયામક વતી.